

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 179
Dt.: 05-05-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa


પશ્ચિમ બંગાળમાં ભાજપનું ધમાકેદાર પ્રદર્શન

# પશ્ચિમ બંગાળમાં ભાજપનો ભવ્ય વિજય, TMCનો સફાયો

## પશ્ચિમ બંગાળની ચૂંટણી પરિણામોમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે, આ સાથે જ દેશની આઝાદી બાદ રાજ્યમાં પ્રથમ વખત કમળ ખીલ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં ભાજપે ધમાકેદાર પ્રદર્શન કરતાં ભવ્ય વિજય નોંધાવ્યો છે. પશ્ચિમ બંગાળની ચૂંટણી પરિણામોમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે, અને આ સાથે જ દેશની આઝાદી બાદ રાજ્યમાં પ્રથમ વખત કમળ ખીલ્યું છે. જ્યારે મમતા બેનર્જી અને તેમની તૃણમુલ કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે. TMC ત્રણ આંકડામાં પણ બેઠકો મળવી શકી નથી. પશ્ચિમ બંગાળમાં ૨૯૪ બેઠકોમાંથી ભાજપ ૨૦૦ની નજીક પહોંચી ગયું હતું, જ્યારે રાજ્યમાં બહુમતી બનાવીને સરકાર બનાવવા માટે ૧૪૮ બેઠકો જરૂરી હોય છે.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના પરાજય માટે વિશ્લેષકો એન્ટી-ઈકમ્બન્સી જણાવી રહ્યા છે. ભાજપ પણ જાણી ગયો હતો કે મમતા બેનર્જીને હરાવવા માટે ચૂંટણીને ફક્ત શાસન પર જ નહીં પરંતુ લોકોના થાક અને કંટાળા પર આધારિત લોકોમતમાં ફેરવવી જરૂરી હતી. પશ્ચિમ બંગાળ મમતા બેનર્જીનો ગઢ છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમની સામેનો આક્રોશ વધી રહ્યો હતો.

સમગ્ર બંગાળમાં ભાજપને જેટલી સીટો મળી તે સૂચવે છે કે ઘણા મતદારો જે કદાચ ભાજપ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા ન હતા પરંતુ તૃણમુલ કોંગ્રેસને પડકારવા માટે તેમણે ભાજપને સક્ષમ પક્ષ તરીકે જોયો હતો. બીજી તરફ પશ્ચિમ બંગાળમાં ભગવો લહેરાવવામાં સુવેન્દુ અધિકારીની ભૂમિકા પણ ઘણી જ મહત્વની છે. અધિકારી એક સમયે મમતા બેનર્જીના સૌથી નજીકના અને વિશ્વાસુ હતા. જોકે, હવે તે જ મમતાના રાજકીય વારસા સામે ખતરા તરીકે ઊભરી આવ્યા છે. ભાજપ સુવેન્દુ અધિકારીને મુખ્ય મંત્રી બનાવે તેની શક્યતા વધારે છે. સુવેન્દુ અધિકારીએ પશ્ચિમ બંગાળમાં ભાજપના વિજય માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને શ્રેય આપ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, ગત ચૂંટણીમાં ભાજપના પરાજય બાદ TMCના કાર્યકરો અને સ્થાનિક ગુંડાઓએ ઘણો આંતક મચાવ્યો હતો. ભાજપના કાર્યકરો અને ઘણા હિંદુ રહેવાસીઓએ હિંસાનો સામનો કરવો પડ્યો હરતો. આજે પશ્ચિમ બંગાળના હિંદુઓ અને ભાજપના કાર્યકરો ખુશ હશે, અને તેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને જાય છે.

પશ્ચિમ બંગાળમાં ભાજપના ભવ્ય પ્રદર્શન બાદ ભાજપના કાર્યકરોએ ફિશ પાર્ટી કરીને તેની ઉજવણી કરી હતી. મતગણતરી સમયે બપોરે મમતા બેનર્જી મતગણતરીના સેન્ટર પહોંચી ગયા હતા. જોકે, મમતા બેનર્જીની પાર્ટીનો કરૂણ રકાસ થયો હતો.

પશ્ચિમ બંગાળમાં ભાજપે ચૂંટણી જીતને એક સાથે અનેક રેકોર્ડ તોડી દીધા છે. ભાજપને પહેલીવાર એ પશ્ચિમ બંગાળમાં જીત મળી છે, જ્યાં જનસંઘના સંસ્થાપક શ્યામા પ્રસાદ મુખરજીએ પાયો નાંખ્યો હતો.

પીએમ નરેન્દ્ર મોદી ખુદ ૨૦૧૪ બાદ અનેકવાર બંગાળમાં જીતવાનું સપનું વ્યક્ત કરી ચૂક્યા છે. સંઘ પરિવારથી લઈને ભાજપા સુધીએ તમામ બંગાળમાં પ્રયાસો કર્યા હતા. આવામાં સંઘના વિચાર પરિવાર અને ભાજપા માટે બંગાળની જીત બુસ્ટર ડોઝ બની છે. તેને ભાજપની જીતની ગંગાસાગર એક્સપ્રેસ કહી શકાય છે. આ જીતે ભાજપની સત્તાને ગંગોત્રીથી ગંગાસાગર સુધી સ્થાપિત કરી દીધી છે. ૨૦૧૪ ની ચૂંટણીના સમયમાં નરેન્દ્ર મોદીએ વારાણસીથી કહ્યું હતું કે, ન તો મને કોઈએ મોકલ્યો છે, ન તો હું અહી આવ્યો છું, મને તો ગંગાએ બોલાવ્યો છે. ૧૨ વર્ષ બાદ ગંગા દેશના જે જે રાજ્યોમાંથી પસાર થાય છે. તેમાંથી એકને છોડીને હવે તમામ જગ્યાઓ પર ભાજપ સત્તામાં છે. ૪ મે, સોમવારના રોજ પશ્ચિમ બંગાળથી લઈને આસામ સુધી જ્યાં જ્યાંથી ચૂંટણી પરિણામો આવી રહ્યાં છે, તેમાં ભાજપને પ્રચંડ બહુમતી મળતી દેખાઈ રહી છે. ગંગોત્રી (ઉત્તરાખંડ) થી શરૂ થઈને ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ બાદ હવે બંગાળ (ગંગાસાગર) સુધી ગંગાના પૂરા પથ પર કેસરિયો રંગ રંગાયો છે. પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક પરિણામોએ ગંગાસાગરને ભગવામય બનાવી દીધો છે. જેમાં ગંગા ઉદગમથી લઈને સંગમ સુધી હવે એક જ વિચારધારાનું શાસન છે. આ માત્ર કોઈ રાજકીય જીત નથી, પરંતુ કરોડો ભારતીયોની આસ્થા અને વિશ્વાસનું પ્રતિબિંબ છે.



મમતા બેનર્જીની નજીકના સાયોની ઘોષે આપી પ્રતિક્રિયા

# અમે જમીન પર હાજર છીએ અને જમીન પર રહીશું

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકત્તા

પશ્ચિમ બંગાળમાં ભાજપ પ્રચંડ જીત તરફ આગળ વધી રહ્યું છે. અત્યાર સુધીના ટ્રેન્ડ પ્રમાણે ભાજપ ૧૯૮ સીટ અને ટીએમસી આશરે ૯૦ સીટો પર આગળ ચાલી રહી છે. આ વચ્ચે ટીએમસી સાંસદ અને મમતા બેનર્જીની નજીકની સહયોગી સાયોની ઘોષના નિવેદને સ્પષ્ટ કરી દીધું કે તેમણે હાર સ્વીકાર કરી લીધી છે. એક્સ પોસ્ટમાં તેમણે કહ્યું કે અમે જમીન પર હાજર છીએ અને જમીન પર રહીશું. ટીએમસી સાંસદે લખ્યું- 'ECI ના અંતિમ અપલોડની પ્રતીક્ષા છે. જોય બાંગ્લા. આ ચૂંટણી પ્રચારમાં સાયોની ઘોષ મમતા બેનર્જી બાદ મોટો ચહેરો હતો. તે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર હુમલા કરી રહી હતી અને બંને નેતાઓને બાહરી નેતા ગણાવી રહી હતી. કોલકત્તામાં મતદાન કર્યા બાદ તેમણે કહ્યું હતું કે સફેદ સાડી અને ચપ્પલમાં મમતા બેનર્જી બંગાળની જનતા સાથે છે અને જનતા પણ મમતા દીદીની સાથે ચાલી રહી છે. તેમણે કહ્યું કે ભાજપના હાથમાંથી જમીન ખસકી ગઈ છે, મમતા બેનર્જી લડશે અને જીતશે.

જોકે સાયોની ઘોષની ભવિષ્યવાણી ખોટી પડી છે અને ભાજપ ૨૦૦ સીટો પર આગળ છે. આ આંકડો મમતા બેનર્જી અને તેમની પાર્ટી ટીએમસી માટે ચિંતા વધારનારો છે. સૌથી ચર્ચા તે વાતની છે કે જે મુસ્લિમ મતોને ટીએમસી પોતાનો આધાર માનતી રહી છે, તે હવે ધરાશાયી થતો જોવા મળી રહ્યો છે. ઘણા મુસ્લિમ વિસ્તારમાં ભાજપે લીડ મેળવી છે. તેની પાછળ ઘણા કારણો હોઈ શકે છે. ટીએમસીને પહેલા આશંકા હતી કે SIR ને કારણે મુસ્લિમ મત કપાતા નુકસાન થઈ શકે છે. તો આ ચૂંટણીમાં હિંદુ મતદાતા મોટી સંખ્યામાં ભાજપની તરફેણમાં આવતા જોવા મળી રહ્યાં છે. કેટલીક સીટો પર કોંગ્રેસની હાજરીએ પણ ટીએમસીની વોટ બેંકને પ્રભાવિત કરી છે. પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની સફળતા બાદ કાર્યકરોમાં ઉત્સાહ છે. રાજ્યમાં અલગ-અલગ જગ્યાએ કાર્યકર્તા ઉત્સાહ મનાવી રહ્યાં છે. કોલકત્તામાં ભાજપની ઓફિસ બહાર કમલા ભોગ તથા ઝાલમુડી અને મિઠાઈઓ વહેંચવામાં આવી રહી છે. સાથે બંગાળમાં જય શ્રીરામના નારા ગૂંજી રહ્યાં છે.

# એક જોકું ૬ જિંદગીઓ ભરખી ગયું! : અયોધ્યા દર્શન કરી પરત ફરતા પરિવારને નડ્યો કાળમુખો અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉત્તર પ્રદેશના જાલૌન જનપદના કાલપી કોતવાલી વિસ્તારમાં સોમવારે(૪ મે) સવારે એક માર્ગ અકસ્માતમાં ૬ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ૪ લોકોને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જેમાં અયોધ્યા દર્શન કરી પરત ફરતા કારચાલકને જોકું આવી જતાં જોલ્હુપુર વળાંક પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.મળતી માહિતી મુજબ, લલિતપુર જનપદના મહરૌનીના રહેવાસી શશિકાંત તિવારી પરિવાર સાથે અયોધ્યા દર્શન કરવા ગયા હતા. દર્શન કર્યા બાદ પરિવાર કારથી પરત ફરી રહ્યો હતો. ત્યારે સવારે ૬ વાગ્યા આસપાસ કાલપી વિસ્તારના જોલ્હુપુર વળાંક પાસે ડ્રાઈવરને જોકું આવી જતાં સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. એટલાં સામે આવી રહેલા વાહન સાથે કારની ભયંકર ટક્કર વાગી હતી.



ટક્કર એટલી ભયાનક હતી કે ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય બે વ્યક્તિનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઉપરાંત, ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કારમાં કુલ ૧૦ લોકો સવાર હતા. જેમાં શશિકાંત તિવારી, કૃષ્ણકાંત, દિપક તિવારી, હરિમોહન તિવારી, ભૂષણ તિવારી, અંશુલ તિવારી, સ્વામી પ્રસાદ તિવારી, મનોજ અને દેશરાજ નામના વ્યક્તિનો સમાવેશ થાય છે. તમામ વ્યક્તિ એકજ પરિવારના હોવાનું જણાય છે. અકસ્માતને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જેને લઈને સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જાણ થતાંની સાથે કાલપી કોતવાલી પોલીસ ઘટનાસ્થળે પહોંચીને મૃતકોના મૃતદેહને પીએમ અર્થે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.ઈજાગ્રસ્ત દર્દીઓને લઈને એક એમ્બ્યુલન્સ મેડિકલ કોલેજના ઈમરજન્સી વોર્ડની બહાર આવી, પરંતુ તેમને ઉતારવા માટે કોઈ વોર્ડ બોય હાજર નહોતો. પરિસ્થિતિ એવી હતી કે દર્દીઓ ૧૦ મિનિટ સુધી એમ્બ્યુલન્સની અંદર વેદનામાં સરી પડ્યા રહ્યા. અંતે નજીકના લોકોએ કોઈક રીતે દર્દીઓને બહાર કાઢીને ઈમરજન્સી વોર્ડમાં લઈ ગયા હતા.

સર્વેમાં ચોંકાવનારો ખુલાસો

# ૬૬ ટકા લોકો નાખુશ: અમેરિકામાં ઘટી ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા

## અમેરિકાના નાગરિકોમાં ૬૬ ટકાએ ઈરાન સામે અમેરિકી પ્રમુખના વ્યવહાર પર અસહમતિ વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ન

અમેરિકામાં રાષ્ટ્રપતિએ ચાર વર્ષના કાર્યકાળ વચ્ચે નવેમ્બરમાં થનાર ચૂંટણી પહેલા આ સર્વેક્ષણ મહત્વનું માનવામાં આવી રહ્યું છે. વોશિંગટન પોસ્ટ-એબીસી ન્યૂઝ-ઈપ્સોસ તરફથી જારી સર્વેક્ષણ અનુસાર ઈમિગ્રેશનના મુદ્દા પર ટ્રમ્પને અપેક્ષાકૃત સારૂ સમર્થન મળ્યું છે. અમેરિકા-મેક્સિકો સરહદ પર તેમની નીતિઓને ૪૫ ટકા લોકોએ મંજૂરી આપી, જ્યારે ૫૪ ટકાએ તેના પર અહસમતિ વ્યક્ત કરી છે. સર્વેક્ષણમાં મોટી સંખ્યામાં અમેરિકીઓએ કહ્યું કે તેઓ મુખ્ય મુદ્દા પર કોઈપણ રાજકીય દળ પર ભરોસો કરતા નથી. ઈમિગ્રેશન પર ૨૩ ટકા, અર્થવ્યવસ્થા પર ૨૭ ટકા, ગુનાઓ પર ૨૮ ટકા અને મોંઘવારી પર ૩૩ ટકા લોકોને કોઈ પણ દળ પર ભરોસો નથી.

અમેરિકામાં આશરે ૫૧ ટકા લોકોએ છૈં ના મુદ્દા પર પણ ન તો રિપબ્લિકન અને ન ડેમોક્રેટિક પાર્ટી પર ભરોસો વ્યક્ત કર્યો. ઈરાનની સાથે તણાવે આર્થિક મુદ્દા પર ટ્રમ્પ પ્રત્યે વિશ્વાસને પ્રભાવિત કર્યો છે, જે ૨૦૨૪મા રાષ્ટ્રપતિ પદ પર બીજા કાર્યકાળ માટે તેમની વાપસીમાં મહત્વનો રહ્યો હતો.

અમેરિકાના નાગરિકોમાં ૬૬ ટકાએ ઈરાન સામે તેમના વ્યવહાર પર અસહમતિ વ્યક્ત કરી, જ્યારે ૩૩ ટકાએ સમર્થન કર્યું. અર્થવ્યવસ્થા પર તેમનું રેટિંગ સાત પોઈન્ટ ઘટી ૩૪ ટકા રહી ગયું છે, તો ઈંધણની કિંમતોમાં વૃદ્ધિની પણ અસર જોવા મળી છે.

મોંઘવારીના મુદ્દે પણ તેમની સ્વીકૃતિ રેટિંગ પાંચ પોઈન્ટ ઘટી ૨૭ ટકા રહી ગઈ, જ્યારે જીવન-નિર્વાહના ખર્ચના સંબંધમાં તેમનું રેટિંગ સૌથી ઓછું ૨૩ ટકા રહ્યું, જ્યાં ૭૬ ટકા લોકોએ અસહમતિ વ્યક્ત કરી. વોશિંગટન પોસ્ટ અનુસાર ટ્રમ્પની કુલ સ્વીકૃતિ રેટિંગ હવે ૩૭ ટકા છે, જે ફેબ્રુઆરીમાં ૩૯ ટકા હતી, પરંતુ અસ્વીકૃતિ વધી ૬૨ ટકા થઈ ગઈ છે, જે તેમના બંને કાર્યકાળમાં સૌથી વધુ છે. પરંતુ રિપબ્લિકન પાર્ટીના સમર્થકો વચ્ચે ટ્રમ્પની લોકપ્રિયતા મજબૂત છે, જ્યાં તેમને ૮૫ ટકા સમર્થન પ્રાપ્ત છે.









# સાંસદ સંદીપ પાઠક સામે પંજાબમાં બે એફઆઈઆર નોંધવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આમ આદમી પાર્ટી (આપ) છોડીને ભાજપમાં જોડાયેલા રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠકની મુશ્કેલીઓ વધતી જણાઈ રહી છે. સંદીપ પાઠક વિરુદ્ધ પંજાબમાં બે એફઆઈઆર નોંધવામાં આવી છે.

પંજાબના બે અલગ-અલગ જિલ્લાઓમાં તેમની સામે બિન-જામીનપાત્ર ગુનાઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ કેસ નોંધાયા બાદ પંજાબ પોલીસની એક ટીમ દિલ્હી સ્થિત સંદીપ પાઠકના નિવાસ્થાને પણ પહોંચી હતી.આ દરમિયાન, રાજ્યસભા સાંસદ સંદીપ પાઠક દિલ્હી સ્થિત પોતાના ઘરેથી ગાડીમાં બેસીને બહાર નીકળતા જોવા મળ્યા હતા. પંજાબ સરકારના આ પગલા બાદ હવે આ મામલે રાજકારણ પણ ગરમાયું છે. આ મામલામાં ભાજપે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આજે પંજાબ પોલીસે રાજ્યસભા સાંસદ સંદીપ પાઠકના નિવાસ્થાને જઈને દરોડા પાડવાનો પ્રયાસ કર્યો. અમે પંજાબ સરકારને સવાલ પૂછવા માંગીએ છીએ કે જ્યાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી ખરાબ છે કે તમારી પોલીસ ડ્રગ માફિયાઓને પકડી શકતી નથી, જ્યાં પવિત્ર હરમંદિર સાહિબના ગેટ પર પણ ગોળીબાર થાય છે અને પોલીસ અધિકારીઓની ઓફિસ પર હુમલા થાય છે, ત્યાં નિયંત્રણ લાવવાને બદલે જે રીતે પાઠકજીના ઘરે પંજાબ પોલીસે દરોડા પાડ્યા છે તે અત્યંત નિંદનીય છે.

# તંત્રી લેખ......

## આગની શ્રેણી

ઉનાળો આગળ વધતાં ઘરો, ફેક્ટરીઓ અને અન્ય સ્થળોએ આગ લાગવાની વધતી સંખ્યા ચિંતાજનક છે કારણ કે તાપમાનમાં વધુ વધારો થવાની ધારણા છે. તેનાથી પણ વધુ ચિંતાજનક વાત એ છે કે મોટાભાગની આગ છઝ બ્લાસ્ટ અથવા શોર્ટ સર્કિટને કારણે થાય છે. ગઈકાલે, દિલ્હીના વિવેક વિહારમાં ચાર માળની ઈમારતના એક ફ્લેટમાં છઝ બ્લાસ્ટ થવાથી ભીષણ આગ લાગી હતી જેણે અન્ય ફ્લેટને લપેટમાં લઈ લીધા હતા, જેમાં નવ લોકો માર્યા ગયા હતા. એક દિવસ પહેલા, દિલ્હીના જોહરીપુરમાં પણ છઝ બ્લાસ્ટમાં એક બાળકનું મૃત્યુ થયું હતું. અગાઉ, દિલ્હી નજીક આવેલા ઈન્દિરાપુરમમાં એક બહુમાળી ઈમારતમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી.

આ આગમાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ ઘણા ફ્લેટ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. આ ઘટનાથી એ પણ બહાર આવ્યું છે કે ગાઝિયાબાદ ફાયર વિભાગ આગને ઝડપથી કાબુમાં લેવા માટે પૂરતા સાધનો ધરાવતો ન હતો. આ ઘટનાઓ ફક્ત દિલ્હી અને તેની આસપાસની છે. આવી જ ઘટનાઓ અન્ય શહેરોમાં પણ બની રહી છે, અને મોટાભાગની ઘટનાઓ છઝ અથવા અન્ય ઈલેક્ટ્રિકલ સાધનોમાં ખામીઓને કારણે થઈ રહી છે. આ સૂચવે છે કે ભારતમાં ઈલેક્ટ્રિકલ સાધનોના ઉત્પાદનમાં ગુણવત્તાના ધોરણોને અવગણવામાં આવી રહ્યા છે. એવું લાગે છે કે એસીના કિસ્સામાં આવું વધુ વારંવાર બની રહ્યું છે. ગમે તે હોય, એવા નિયમોને યોગ્ય રીતે લાગુ કરવાની જરૂર છે જે ખાતરી કરે છે કે ઈલેક્ટ્રિકલ સાધનો જરૂરી ગુણવત્તાના ધોરણો અનુસાર બનાવવામાં આવે.

જ્યારે આપણા દેશમાં ઈલેક્ટ્રિકલ સાધનો સહિત તમામ પ્રકારના સાધનો માટે ગુણવત્તાના ધોરણો અસ્તિત્વમાં છે, ત્યારે આવા સાધનો બનાવતી કંપનીઓ માટે તેમને અવગણવું સામાન્ય છે. હલકી ગુણવત્તાવાળા ઉત્પાદનોનું ઉત્પાદન કરવું એ ગ્રાહકો સાથે છેતરપિંડી છે, જે ક્યારેક જીવલેણ સાબિત થાય છે. હલકી ગુણવત્તાવાળા ઉત્પાદનોનું ઉત્પાદન એ કોઈ નવી સમસ્યા નથી. આ મુદ્દાને ઉકેલવામાં ન આવતાં, હલકી ગુણવત્તાવાળા ઉત્પાદનોનું ઉત્પાદન અને વેચાણ ચાલુ રહે છે.

જોકે વડા પ્રધાન વારંવાર કહી ચૂક્યા છે કે ઉદ્યોગસાહસિકોએ તેમના ઉત્પાદનોની ગુણવત્તા સાથે સમાધાન ન કરવું જોઈએ, કારણ કે તેઓ ફક્ત ત્યારે જ આંતરરાષ્ટ્રીય બજારમાં છાપ છોડી શકે છે જો તેમના ઉત્પાદનો વિશ્વ કક્ષાના હોય, એવું લાગે છે કે તેમના શબ્દોનો કોઈ પ્રભાવ પડી રહ્યો નથી. તેથી, ભારતીય માનક બ્યુરોએ વધુ સતર્કતા અને સક્રિયતા દાખવવી જોઈએ. જ્યાં સુધી આવું ન થાય ત્યાં સુધી, લોકોએ વિદ્યુત ઉપકરણોનો ઉપયોગ કરતી વખતે વધારાની સાવધાની રાખવી પડશે.

### તમિલનાડુમાં સનાતન વિરોધ ભારે પડ્યો!

# સ્ટાલિન-ઉદયનિધિ ક્લીન બોલ્ડ, વિજયનો જાદુ ચાલ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના પરિણામોના વલણોમાં દ્રવિડિયન રાજનીતિના ગઢમાં મોટો ભૂકંપ આવ્યો છે. અત્યાર સુધીના આંકડા મુજબ, દાયકાઓથી ચાલી આવતા DMK અને AIADMKના દબદબાને તોડીને સિને સ્ટાર થલાપતિ વિજયની પાર્ટી તમિલગા વેત્રી કઝગમ(TVK) એ શાનદાર એન્ટ્રી કરી છે. ૨૩૪ બેઠકો ધરાવતી વિધાનસભામાં બહુમતી માટે ૧૧૮ બેઠકો જરૂરી છે, જેની સામે વિજયની પાર્ટી ૧૦૮ બેઠકો પર આગળ ચાલી રહી છે. આ વલણો જોતા એવું લાગે છે કે વિજય પોતાની પ્રથમ ઈનિંગમાં જ તમિલનાડુના મુખ્યમંત્રી બની શકે છે. મુખ્યમંત્રી એમકે સ્ટાલિન અને ઉદયનિધિ સ્ટાલિને આ ચૂંટણીમાં હિન્દી થોપવા અને દ્રવિડિયન ઓળખના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે કેન્દ્રની ત્રણ ભાષા નીતિનો વિરોધ કરીને પ્રાદેશિકવાદનો નરેટિવ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, હાઈ વોટિંગ પર્સન્ટેજ અને પરિણામો દર્શાવે છે કે તમિલનાડુના યુવા અને શહેરી મતદારો હવે જૂની રાજનીતિથી કંટાળી ગયા છે અને રોજગાર તેમજ સુશાસન ઈચ્છે છે.

૨૦૨૧માં ૧૩૩ બેઠકો જીતનાર DMK આ વખતે માત્ર ૬૦ બેઠકો પર સમેટાઈ ગઈ હોય તેવું દેખાય છે. DMKની હાર પાછળ તેમનુ હિન્દુ વિરોધી સ્ટેન્ડ મોટું કારણ હોવાનું માનવામાં આવે છે. ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મની તુલના ડેન્ગ્યૂ અને મેલેરિયા સાથે કરીને તેને નાબૂદ કરવાની વાત કરી હતી. દેશભરમાં આ નિવેદનની તીખી પ્રતિક્રિયા થઈ હોવા છતાં તેઓ પોતાના નિવેદન પર મક્કમ રહ્યા હતા. પરિણામો સૂચવે છે કે હિન્દુ મતદારોમાં આ ટિપ્પણી અને મંદિરોના સંચાલનમાં સરકારી દખલગીરીને લઈને ભારે નારાજગી હતી, જેની સીધી અસર વોટ શેર પર પડી છે. થલાપતિ વિજયની TVK પાર્ટીએ તમિલનાડુની રાજનીતિમાં પેદા થયેલી ખાલી જગ્યાને સફળતાપૂર્વક ભરી છે. વિજયે તમિલ ગૌરવ પર તો ભાર મૂક્યો, પરંતુ કોઈ ધર્મ કે ભાષાના અતિ-વિરોધી નરેટિવથી અંતર રાખ્યું. તેમણે ભ્રષ્ટાચાર મુક્તિ અને યુવા બેરોજગારી જેવા મુદ્દા ઉઠાવ્યા, જેના કારણે મધ્યમ વર્ગ અને યુવાનોના મત તેમની તરફ વળ્યા છે. ૧૦૦થી વધુ બેઠકો પર લીડ મેળવીને વિજયે તમિલનાડુમાં પોસ્ટ-દ્રવિડિયન યુગની શરૂઆત કરી દીધી છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રદર્શનમાં 'સસ્ટેનેબિલિટી હિલ' બની આકર્ષણનું કેન્દ્ર

**'ફાર્મ ટુ ફાઈબર, ફાઈબર ટુ ફેબ્રિક અને ફેબ્રિક ટુ ફેશન અને ફેશન ટુ ફોરેન'ની સમગ્ર સફરને સસ્ટેનેબિલિટીના માપદંડો સાથે રજૂ કરવામાં આવી**




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત જ્યારે ટકાઉ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે સુરત ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' અંતર્ગત તા.પમી મે સુધી આયોજિત પ્રદર્શનમાં પર્યાવરણની જાળવણી અને કાપડ ઉદ્યોગના સમન્વયને દર્શાવતી 'સસ્ટેનેબિલિટી હિલ' ઉભી કરાઈ છે. ટેક્સટાઈલ અને ઉર્જા ક્ષેત્રે પર્યાવરણલક્ષી અભિગમને વેગ આપવા માટે ટેક્સટાઈલ એન્ડ એપેરલ ડેવલપમેન્ટ એસોસિએશન (TAADA) દ્વારા આ વિશેષ ઈન્સ્ટોલેશન તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં 'ફાર્મ ટુ ફાઈબર, ફાઈબર ટુ ફેબ્રિક અને ફેબ્રિક ટુ ફેશન અને ફેશન ટુ ફોરેન' ની સમગ્ર સફરને સસ્ટેનેબિલિટીના માપદંડો સાથે રજૂ કરવામાં આવી છે. મુલાકાતીઓ અહીં ફાયબરમાંથી પ્રોસેસિંગ થઈને બનતા કાપડની સમગ્ર ચેઈન વિષે જાણકારી મેળવી સુરતના કાપડ ઉદ્યોગના વૈશ્વિક પ્રદાન વિષે ઊંડી સમજ મેળવી રહ્યા છે.

માત્ર કપાસ જ નહીં, પણ બામ્બુ, હેમ્પ, ફ્લેક્સ, કોટન ફ્લેક્સ, બનાના, હિમાલયન ઘાસ જેવા અન્ય મટીરીયલમાંથી પણ ફાઈબર બનાવી તેને પ્રોસેસ કરી મૂલ્યવાન કાપડ બનાવી શકાય છે. આ વાતની સમજ સ્ટોલ દ્વારા અપાઈ રહી છે. પર્યાવરણની જાળવણી માટે ગ્લોબલ ફેશન ઈન્ડસ્ટ્રી હવે સિન્થેટિકના બદલે વેસ્ટમાંથી બેસ્ટ સમાન અને આ પ્રમાણે તૈયાર થયેલા ફેબ્રિક્સ જેવા કુદરતી વિકલ્પો તરફ વળી રહી છે.

★ટેક્સટાઈલ સપ્લાય ચેઈનનું જીવંત પ્રદર્શન

ટેક્સટાઈલ એન્ડ એપેરલ ડેવલપમેન્ટ એસો.(TAADA) દ્વારા ૩,૦૦૦ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં આ ઈન્સ્ટોલેશન ઊભું કરવામાં આવ્યું છે. જેમાં 5F ચેઈનને સસ્ટેનેબિલિટીના માપદંડો સાથે રજૂ કરવામાં આવી છે.

TAADAના ચેરમેન શ્રી અજોય ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, સુરત હવે માત્ર કાપડના ડાઈંગ, પ્રોસેસિંગમાં જ નહીં, પણ ગાર્મેન્ટ સેક્ટરમાં પણ ગ્લોબલ લીડર બનવા તરફ આગળ વધી રહ્યું છે. ઘાસ, વાંસ અને છોડમાંથી બનતા ફેબ્રિક્સ પર્યાવરણને અનુકૂળ હોવાની સાથે સાથે ખેડૂતો માટે પણ આવકનો નવો સ્ત્રોત બની શકે છે, ત્યારે આ થીમ દ્વારા ગુજરાતને ગ્લોબલ ટેક્સટાઈલ હબની સાથે સાથે પર્યાવરણ સુરક્ષા અને ઔદ્યોગિક ઈનોવેશનના ક્ષેત્રે અગ્રેસર રાજ્ય તરીકે સ્થાપિત કરવા માટે કાપડ ઉદ્યોગકારો તલસ્પર્શી સમજ મેળવે અને સસ્ટેનેબિલિટી ડેવલપમેન્ટ તરફ આગળ વધે એ મુખ્ય ઉદ્દેશ્ય હોવાનું શ્રી ભટ્ટાચાર્યએ કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, વૈશ્વિક બજારમાં હવે ઓર્ગેનિક અને નેચરલ ફેબ્રિકની માંગ વધી રહી છે. સુરતના મિલો જો આ ક્ષેત્રમાં સંશોધન કરે, તો આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ સાથે સ્પર્ધા કરી શકાય. દક્ષિણ ગુજરાતમાં મોટા પાયે કેળાની ખેતી થાય છે, ત્યારે કપાસ સિવાય કેળના પાન અને તેના વેસ્ટ તેમજ વાંસમાંથી ફેબ્રિક બનાવવાથી વધવાથી દક્ષિણ ગુજરાતના ખેડૂતો વધારાની આવક મેળવશે અને સમૃદ્ધ બનશે. TAADA સંસ્થા આવા ઈકો ફ્રેન્ડલી કાપડના ઉત્પાદન માટે ઉદ્યોગકારોને તાલીમબદ્ધ કરવા તેમજ માર્ગદર્શન અને પ્લેટફોર્મ પૂરૂ પાડવા માટે સક્રિય છે.

★સસ્ટેનેબિલિટી હિલમાં બે મુખ્ય વર્ટિકલ્સઃ ફેબ્રિક અને એનર્જીઃ

આ ઈન્સ્ટોલેશન મુખ્યત્વે બે વિભાગોમાં વિભાજિત છેઃ ૧) ફેબ્રિક વર્ટિકલ, જેમાં કાચા ફાઈબરમાંથી યાર્ન, ત્યારબાદ ફેબ્રિક અને છેલ્લે તૈયાર ગાર્મેન્ટ બનવાની સંપૂર્ણ પ્રક્રિયાને સરળતાથી સમજાવવામાં આવી છે. અહીં નવી પેઢીના ઈકો-ફ્રેન્ડલી ફેબ્રિક્સ અને ઉત્પાદન પદ્ધતિઓની સમજ આપી છે.

૨) એનર્જી વર્ટિકલ, ગોલ્ડી સોલારના સહયોગથી તૈયાર કરાયેલા આ વિભાગમાં રિન્યૂએબલ એનર્જીના મહત્વને ઉજાગર કરવામાં આવ્યું છે. ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગમાં સોલાર પાવરનો ઉપયોગ, સોલાર આધારિત એપ્લિકેશન્સ અને ગ્રીન મોબિલિટી કન્સેપ્ટ્સ દ્વારા ઉદ્યોગ જગતને ક્લીન એનર્જી તરફ વળવા માટે પ્રેરિત કરવામાં આવશે.

★કુદરતી અને ઈકો-ફ્રેન્ડલી ફાઈબર્સ

૧) બામ્બુ (વાંસ): બામ્બુ ફેબ્રિક અત્યંત નરમ, એન્ટી-બેક્ટેરિયલ અને પરસેવો શોષવાની ક્ષમતા ધરાવે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વાંસનું ઉત્પાદન સારું થતું હોવાથી આ એક મોટો ઉદ્યોગ બની શકે છે.

૨) બનાના (કેળાના રેસા): કેળાના થડમાંથી નીકળતા રેસામાંથી સિલ્ક જેવું ચમકતું અને મજબૂત ફેબ્રિક બને છે. સુરત અને તાપી જિલ્લામાં કેળાની ખેતી મોટા પાયે થાય છે, તેથી વેસ્ટમાંથી બેસ્ટ (Waste to Wealth)માટેનો આ શ્રેષ્ઠ વિકલ્પ છે.

૩) હેમ્પ (ભાંગના રેસા): આ કાપડ અત્યંત ટકાઉ અને ઠંડક આપનારુ હોય છે. તે શરીર પરનો પરસેવો શોષી લે છે. ઉગાડવા માટે ખૂબ જ ઓછા પાણી અને જંતુનાશકની જરૂર પડે છે.

૪) હિમાલયન ઘાસ (Nettle): હિમાલયના વિસ્તારોમાં જોવા મળતા નેટલ ઘાસના રેસામાંથી મજબૂત અને પ્રીમિયમ ક્વોલિટીનું કાપડ તૈયાર કરવામાં આવે છે.

★ફ્લેક્સ (લિનન) અને મિક્સ ફેબ્રિક્સ ફ્લેક્સ (Flax):

૧) ફ્લેક્સ (લિનન): આ છોડમાંથી 'લિનન' બને છે, જે ઉનાળા માટે સૌથી વધુ પસંદ કરવામાં આવતું ફેબ્રિક છે.

૨) કોટન ફ્લેક્સઃ કપાસ અને ફ્લેક્સનું મિશ્રણ કરીને આ ફેબ્રિક બનાવાય છે, જે લિનન જેવો લુક આપે છે પણ કિંમતમાં સસ્તું, ટકાઉ અને જાળવણીમાં સુગમ-સરળ હોય છે.

વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ પૂર્ણ થઈ છે. પરંતુ વાયબ્રન્ટ એક્ઝિબીશન તા.પમી સુધી ખુલ્લું રહેશે. મુલાકાતીઓ, ઉદ્યોગપતિઓ અને યુવા સાહસિકો માટે જ્ઞાનવર્ધક અને માર્ગદર્શક સાબિત થઈ રહ્યું છે.

(વિશેષ લેખઃ પરેશ ટાપણીયા)

# પે એન્ડ યુઝની આ જાહેરમાર્ગની ઉભરાતી ગટર ક્યારે સાફ થશે?



સુરતના રાંદેર રોડ તાડવાડી વૃષભ ટાવરની સામે મુખ્ય રોડ ઉપર આવેલા પે એન્ડ યુઝ ની આ ઉભરાતી ગટરમાંથી બહાર આવતા મળ અને પેશાબના ગંદા પાણીની વાસ મારવાને કારણે ત્યાંના રહીશોની સાથે સાથે આજુબાજુ રસ્તે પસાર થનારા લોકો માટે પણ અસર થઈ પડયું છે. ત્યારે સુરત મ.ન.પા ના કમિશ્નર આ ઉભરાતી ગટરને તાત્કાલિક સાફ કરાવવા તંત્ર ને આદેશ કરે અને રોગચાળાથી ત્યાંના લોકોને બચાવે એ જ ઈચ્છનિય છે.

(તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા)

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૦૪/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૫૭૨ | ૪૭૪.૦૦ | ૫૪૬.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૨૯૭ | ૧,૨૬૭.૦૦ | ૧,૩૦૬.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૪૦.૦૦ | ૪૯૦.૦૦ |
| ૫ | મકાઇ | ૧૦૯૦ | ૩૮૧.૦૦ | ૪૨૫.૦૦ |
| ૬ | ચણા | ૧૬૧ | ૧,૦૦૮.૦૦ | ૧,૦૮૬.૦૦ |
| ૭ | ચણા ( કાબુલી ) | ૨૩ | ૧,૪૦૦.૦૦ | ૧,૪૭૧.૦૦ |
| ૮ | તમાકુ | ૦ | ૧,૪૫૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૯ | તમાકુ (ગારીયુ) | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# ભીષણ ગરમીમાં મુસાફરોને રાહતઃ ભાવનગર મંડળ દ્વારા બોટાદ અને જૂનાગઢ સ્ટેશનો પર નિઃશુલ્ક શીતળ પેયજળ વિતરણ




ભીષણ ગરમી અને વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને મુસાફરોને રાહત આપવા માટે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા જનહિતમાં વિશેષ પહેલ કરવામાં આવી છે. આ ક્રમમાં તારીખ ૦૪ મે, ૨૦૨૬ (સોમવાર)ના રોજ બોટાદ અને જૂનાગઢ રેલવે સ્ટેશનો પર મુસાફરો માટે નિઃશુલ્ક શીતળ પેયજળ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે બોટાદ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ વિસ્તારમાં મુસાફરો—ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકો—ને ઠંડુ પેયજળ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું, જેના કારણે તેમને ભીષણ ગરમીમાંથી ઘણો રાહત મળી. આ સેવા કાર્યમાં સામાજિક કાર્યકર શ્રી ચૌહાણ મહેશભાઈ પોપટભાઈનો સરાહનીય સહયોગ પ્રાપ્ત થયો.

તે જ રીતે જૂનાગઢ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૧ અને પ્રતીક્ષાલય હોલમાં મુસાફરો માટે નિઃશુલ્ક શીતળ પેયજળનું વિતરણ કરવામાં આવ્યું. આ જનહિતકારી અભિયાનમાં જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ (JCI) સંસ્થાનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો.

બંને સ્ટેશનો પર આ વ્યવસ્થાને સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગના નિરીક્ષકો, ટિકિટ ચેકિંગ સ્ટાફ અને અન્ય કર્મચારીઓએ સક્રિય ભૂમિકા ભજવી અને વિતરણ કાર્યને સુવ્યવસ્થિત તથા સુરક્ષિત રીતે પૂર્ણ કર્યું. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્માએ જણાવ્યું, "ભીષણ ગરમી દરમિયાન મુસાફરોને રાહત આપવી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભાવનગર મંડળ દ્વારા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આવી જનહિતકારી પ્રવૃત્તિઓ સતત આયોજન કરવામાં આવી રહી છે. આ પહેલ અમારી સામાજિક પ્રતિબદ્ધતા અને મુસાફર હિત પ્રત્યેની સંવેદનશીલતાને દર્શાવે છે." ભાવનગર મંડળ દ્વારા ખાતરી કરવામાં આવી રહી છે કે મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક અને માનવીય સેવાઓ ઉપલબ્ધ થતી રહે. ભીષણ ગરમી દરમિયાન આવી રાહત સેવાઓ આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### હિમંત બિસ્વા સરમાની રોમાંચક રાજકીય કહાની

# કોંગ્રેસના બે CM પાસેથી શીખ્યા રાજકારણ અને BJPમાં બની ગયા કિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)દીસપુર

આસામ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના પરિણામોના વલણોમાં ભારતીય જનતા પાર્ટી(ભાજપ) ફરી એકવાર સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનાવતી જોવા મળી રહી છે. ૧૨૬ બેઠકો ધરાવતી આસામ વિધાનસભામાં ભાજપ બહુમતીનો આંકડો પાર કરી ચૂકી છે, જ્યારે કોંગ્રેસ ઘણી પાછળ રહી ગઈ છે. આ શાનદાર જીતના મુખ્ય શિલ્પકાર તરીકે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા ઉભરી આવ્યા છે, જેમણે ૨૦૧૬થી રાજ્યમાં ભાજપનો ઝંડો બુલંદ રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

૧ ફેબ્રુઆરી, ૧૯૬૯ના રોજ જોરહાટમાં જન્મેલા હિમંત બિસ્વા સરમાનો શરૂઆતી પ્રવાસ શિક્ષણ અને નેતૃત્વથી ભરેલો રહ્યો છે. તેમણે ગુવાહાટીની કોટન કોલેજમાંથી રાજનીતિ વિજ્ઞાનમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવી હતી. ત્યારબાદ તેમણે એલએલબી અને પીએચડી પણ પૂર્ણ કર્યું. રાજનીતિમાં સક્રિય થતા પહેલા તેમણે ૧૯૯૬થી ૨૦૦૧ દરમિયાન ગુવાહાટી હાઈકોર્ટમાં વકીલાત પણ કરી હતી. તેમની વક્તૃત્વ કળા અને વ્યૂહાત્મક સમજને કારણે તેઓ વિદ્યાર્થી કાળથી જ લોકપ્રિય નેતા બની ગયા હતા.

હિમંત બિસ્વા સરમાએ પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત આસુથી કરી હતી. માત્ર ૧૮ વર્ષની ઉંમરે તેઓ કોટન કોલેજના સહાયક મહાસચિવ બન્યા અને ત્યારબાદ સતત ત્રણ વાર મહાસચિવ તરીકે ચૂંટાયા. તેમની ક્ષમતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે એક ફૂટબોલ સ્ટેડિયમ માટે ફંડ મેળવવા તેમણે વિદ્યાર્થીઓના પ્રતિનિધિમંડળ સાથે તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની મુલાકાત લીધી હતી અને ફંડ મંજૂર કરાવ્યું હતું.

૧૯૯૧માં હિતેશ્વર સૈકિયાના નેતૃત્વમાં તેઓ કોંગ્રેસમાં જોડાયા અને ૨૦૦૧માં પ્રથમવાર ધારાસભ્ય બન્યા. તરુણ ગોગોઈના કાર્યકાળ દરમિયાન તેઓ સૌથી શક્તિશાળી મંત્રીઓમાં ગણાતા હતા. તેમણે સ્વાસ્થ્ય અને શિક્ષણ મંત્રી તરીકે અનેક મેડિકલ કોલેજોની સ્થાપના કરી રાજ્યના માળખાગત વિકાસમાં મોટું યોગદાન આપ્યું.

જોકે, ૨૦૧૧ પછી તરુણ ગોગોઈ સાથે મતભેદો વધતા અને રાહુલ ગાંધી દ્વારા તેમની અવગણના થતા તેમણે કોંગ્રેસ છોડવાનો નિર્ણય લીધો. તેમણે આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેઓ મહત્ત્વની ચર્ચા માટે ગયા હતા ત્યારે રાહુલ ગાંધી તેમના પાલતુ શ્વાનને બિસ્કિટ ખવડાવવામાં વ્યસ્ત હતા.

૨૦૧૫માં અમિત શાહના નેતૃત્વમાં તેઓ ભાજપમાં જોડાયા. ભાજપ માટે તેઓ પૂર્વોત્તર રાજ્યોમાં મજબૂત કડી સાબિત થયા. ૨૦૧૬માં ભાજપની પ્રથમ સરકાર બનાવવામાં તેમણે મુખ્ય વ્યૂહરચનાકારની ભૂમિકા ભજવી. ત્યારબાદ નેડા (NEDA)ના સંયોજક તરીકે તેમણે અરુણાચલ, મણિપુર અને મેઘાલયમાં પણ ભાજપની સરકારો બનાવવામાં મદદ કરી. તેમની મહેનત અને પરિણામ આપવાની ક્ષમતાને કારણે ૨૦૨૧માં પાર્ટીએ તેમને આસામના ૧૫મા મુખ્યમંત્રી બનાવ્યા.

મુખ્યમંત્રી તરીકે હિમંત બિસ્વા સરમાએ કટ્ટર હિન્દુત્વની રાજનીતિને અપનાવી છે. તેમણે ગૌહત્યા વિરોધી કાયદો પસાર કર્યો, સરકારી મદ્રેસાઓને સામાન્ય શાળાઓમાં ફેરવ્યા અને ગેરકાયદેસર દબાણો વિરુદ્ધ અભિયાન ચલાવ્યું. આ આક્રમક છબીની સાથે તેઓ જનતામાં અત્યંત લોકપ્રિય પણ છે. આસામના યુવાનો અને મહિલાઓ તેમને પ્રેમથી મામા કે દાદા(મોટા ભાઈ) કહીને સંબોધે છે. ૨૦૨૬ના આ પરિણામો ફરી એકવાર સાબિત કરે છે કે હિમંત બિસ્વા સરમા ભાજપના સૌથી ભરોસાપાત્ર અને પ્રભાવશાળી નેતાઓમાંના એક છે.

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# બંગાળમાં ભગવો લહેરાયાની ખુશી સ્વર્ણિમ સંકુલ-૨ માં જોવા મળી: મંત્રી કૌશિક વેકરીયાએ મુલાકાતીઓને ભગવો લહેરાયાની ખુશીમાં મીઠાઈ ખવડાવી મોંઢુ મીઠુ કરાવ્યું



પ્રતિનિધિ,ગાંધીનગર

આજે સોમવારે પશ્ચિમ બંગાળના પરીણામો જાહેર થવાની શરૂઆત થતા જ પાટનગર ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલમાં મંત્રીઓ ચેમ્બરમાં બેસી ટીવી ઉપર સમાચારો જોતા નજરે પડયા હતા.

જેમ જેમ પરીણામો આવતા ગયા તેમ તેમ મંત્રીઓની ખુશી સમાતી ન હતી, ભાજપ તરફી પરીણામો આવતા જ મંત્રી મંડળમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતું. તો બીજી તરફ સ્વર્ણિમ સંકુલ-૨ માં મંત્રી કૌશિક વેકરીયાએ ભાજપની જંગી લીડ સાથેની જીત અને ખુશીમાં મુલાકાતીઓને મીઠાઈ ખવડાવી મોંઢુ મીઠુ કરાવ્યુ હતું. મંત્રી કૌશિક વેકરીયાએ કહ્યુ હતુ કે આ જીત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસલક્ષી રાજકારણ અને જનતાના અતુટ વિશ્વાસનુ પરીણામ ગણાવ્યુ હતું. બંગાળમાં વરસોથી ચાલી રહેલા સંઘર્ષ બાદ મળેલી આ સફળતાને મંત્રી કૌશિક વેકરીયાએ રાષ્ટ્રીય ગૌરવ સાથે જોડીને કાર્યકરોની મહેનતને બિરદાવી હતી.

### વિકસિત ભારતનો સંકલ્પ વધુ મજબુત બન્યો : મુખ્યમંત્રી

# બંગાળ વિજયથી ગજગજ ફુલી ગુજરાત ભાજપની છાતી: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વડાપ્રધાન મોદીને પાઠવ્યા અભિનંદન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પશ્ચિમ બંગાળ સહિત ૫ રાજયોની વિધાનસભા ચુંટણીના આજે સોમવારે જાહેર થયેલા પરીણામોએ દેશના રાજકારણમાં નવો વળાંક આપ્યો છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુંચેરીમાં ભારતીય જનતા પાર્ટીના શાનદાર દેખાવને પગલે ગુજરાત ભાજપમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે આ ઐતિહાસિક વિજયની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભાજપના નેતાઓએ પશ્ચિમ બંગાળની પ્રખ્યાત વાનગી ઝાલમુડી બનાવીને એકબીજાનુ મોઢુ મીઠુ કરાવ્યુ હતું.

આ વિજય ઉત્સવમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ખાસ હાજરી આપી હતી. નેતાઓએ આ જીતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસલક્ષી રાજકારણ અને જનતાના અતુટ વિશ્વાસનુ પરીણામ ગણાવ્યુ હતું. બંગાળમાં વરસોથી ચાલી રહેલા સંઘર્ષ બાદ મળેલી આ સફળતાને ભાજપે રાષ્ટ્રીય ગૌરવ સાથે જોડીને કાર્યકરોની મહેનતને બિરદાવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પશ્ચિમ બંગાળમાં ભાજપના ભવ્ય વિજય બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે સમગ્ર દેશની નજર બંગાળના પરીણામો પર હતી અને આ જીત દર્શાવે છે કે એક પછી એક રાજય પીએમ મોદીના સકારાત્મક રાજકારણ સાથે જોડાઈ રહ્યા છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ કે ભાજપનો કાર્યકર જ પક્ષની સાચી તાકાત છે અને હારમાં શીખીને વધુ મજબુત બનવાની ક્ષમતા જ ભાજપને




વિજય તરફ દોરી જાય છે. તેમણે ઉમરેઠ વિધાનસભાની પેટા ચુંટણીમાં મળેલી જીત બદલ પણ કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ વિશ્વકર્માએ મહત્વનુ નિવેદન આપતા કહ્યુ હતુ કે પૂર્વ થી પશ્ચિમ સુધી ભાજપનો ભગવો લહેરાવવો તે પક્ષ માટે ગૌરવની બાબત છે, તેમણે આ જીતને બંગાળની જનતાનો વિજય ગણાવતા કહ્યુ હતુ કે લોકોએ વિકાસ અને સકારાત્મકતાને પસંદ કરી છે, વિશ્વકર્માએ નારી શકિતના સશકિતકરણ અને વંદે માતરમ ગીતને પૂર્ણ સન્માન આપવાની પીએમ મોદીની પહેલને પણ આ વિજયમાં મહત્વના પરીબળ તરીકે ગણાવ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ જીતને લોકોની ઈચ્છા શકિતનો પ્રતિક ગણાવી હતી. તેમણે જણાવ્યુ હતુ કે બંગાળના નાગરીકો હવે લાંબા સમયથી ચાલતા જંગલરાજમાંથી મુકિત મેળવી રહ્યા છે અને હવે ત્યાં કેન્દ્રની યોજનાઓનો લાભ દરેક ખુણે પહોચશે, સંઘવીએ આ જીતને દેશની રાજનીતીની સૌથી મોટી જીત ગણાવતા વરસોથી સંઘર્ષ કરનારા અને શહાદત આપનારા કાર્યકરો તથા તેમના પરીવારોને નમન કર્યા હતા.

ગાંધીનગર કમલમ ખાતે માત્ર બંગાળની જીત જ નહી પરંતુ ઉમરેઠ વિધાનસભાની પેટા ચુંટણીમાં મળેલી જીતની પણ ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ખાસ પ્રતિક તરીકે બંગાળી વાનગી ઝાલમુડી તૈયાર કરવામાં આવી હતી. જે પશ્ચિમ બંગાળમાં ભાજપના વધતા પ્રભાવ અને સાંસ્કૃતિક જોડાણનુ પ્રતિક બની રહી હતી.

# ભાજપે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ૨૭૭ મુસ્લીમ ઉમેદવારો ઉતાર્યા હતા જેમાંથી ૧૧૮ જીત્યા




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી એક મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીએ પોતાની પારંપારીક રણનીતીમાં ફેરફાર કરીને હવે લઘુમતિઓને ભાજપમાં જોડાવવાનો પ્રયાસ કર્યો છે. જેના ભાગરૂપે ભાજપે વર્ષ ૨૦૨૬ ની સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં આ બદલાતી રણનીતીના ભાગરૂપે મુસ્લીમ દાવેદારોને મોટી સંખ્યામાં પ્રાધાન્ય આપ્યુ હતું. આ પ્રયોગના પરીણામો હવે બહાર આવ્યા છે, જે મિશ્ર પ્રતિસાદ અને રસપ્રદ આંકડાઓ રજુ કરે છે,

ભાજપે આ ચુંટણીમાં મુસ્લીમ સમુદાયના કુલ ૨૭૭ ઉમેદવારોને મેન્ડેટ આપીને મેદાનમાં ઉતાર્યા હતા. આ એક મોટો આંકડો ગણાય છે. જે દર્શાવે છે કે ભાજપ હવે સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને જમીની સ્તરે અમલમાં મુકવા માંગે છે. તો બીજી તરફ કેટલાક હિન્દુત્વ ના નેતાઓ કહી રહ્યા છે કે ભાજપ લઘુમતિઓને આગળ લાવી હિન્દુત્વની વોટબેંક તોડી રહી છે. આ ૨૭૭ મુસ્લીમ સમુદાયના દાવેદારોમાંથી ૧૧૮ ઉમેદવારોએ વિજય પતાકા લહેરાવી છે, જયારે ૧૫૯ ઉમેદવારોને કારમી હારનો સામનો કરવો પડયો છે. જિલ્લાવાર વિજય અને પરાજયનુ વિશ્લેષણ અંગે જિલ્લાવાર પરીણામો પર નજર કરીએ તો કચ્છ જિલ્લામાં ભાજપને સૌથી વધુ સફળતા મળી હોય તેવુ જણાય છે. જયાં ૨૦ મુસ્લીમ ઉમેદવારો વિજેતા બન્યા છે. જો કે કચ્છ જિલ્લામાં ૨૮ ઉમેદવારો હાર્યા પણ છે. જયારે ગીર સોમનાથમાં ભાજપનુ પ્રદર્શન શાનદાર રહ્યુ હતું. જયાં ૧૧ ઉમેદવારો જીત્યા છે અને ૫ ની હાર થઈ છે, જયારે ખેડા અને આણંદ જિલ્લામાં પણ ભાજપે મુસ્લીમ કાર્ડ રમીને ક્રમશઃ ૯-૯ બેઠકો પર જીત મેળવી છે, જો કે આણંદમાં ૧૬ બેઠકો પર હાર પણ નોંધાઈ છે,

રાજયના મોટા શહેરોની વાત કરીએ તો અમદાવાદમાં ૭ મુસ્લીમ ઉમેદવારો જીત્યા છે અને ૮ હાર્યા છે, સુરતમાં ૪ વિજેતા અને ૭ હાર્યા, જયારે રાજકોટમાં ૩ ઉમેદવારો વિજેતા બન્યા છે, વડોદરામાં પરીણામ થોડુ ચિંતાજનક રહ્યુ હતું. જયાં ૬ ઉમેદવારોની જીત સામે ૧૫ ઉમેદવારોને હારનો સામનો કરવો પડયો છે, જામનગર જિલ્લામાં પણ ૧૫ ઉમેદવારો હાર્યા છે અને ૪ વિજેતા થયા છે, ઉત્તર ગુજરાતની વાત કરીએ તો ઉત્તર ગુજરાતમાં મહેસાણામાં કાંટાની ટકકર જોવા મળી હતી, જયાં ૭ ઉમેદવારો જીત્યા અને ૭ હાર્યા છે, તો પાટણમાં ૪ જીત્યા અને ૪ હાર્યા છે, બનાસકાંઠાની વાત કરીએ તો ૧ ની જીત સામે ૧૫ ઉમેદવારોની હાર ભાજપ માટે વિચારવાનો વિષય છે. તો બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં નવસારીમાં ૫ વિજેતા અને વલસાડમાં ૨ વિજેતા ઉમેદવારો સાથે ભાજપે મજબુત પકકડ જાળવી છે, તાપી અને વ્યારામાં પણ ભાજપે ૧-૧ બેઠક પર જીત મેળવી છે, ભાજપની આ બદલાતી રણનીતી એ સાબિત કર્યુ છે કે લઘુમતિ સમુદાયમાં ભાજપ પ્રત્યેનો વિશ્વાસ ધીરે ધીરે વધી રહ્યો છે. પરંતુ હજુ પણ ઘણા વિસ્તારોમાં પક્ષે વધુ મહેનત કરવાની જરૂર છે. ૧૧૮ બેઠકો પર મળેલી જીત એ ભાજપ માટે પ્રોત્સાહક છે, જે આગામી મોટી ચુંટણીઓમાં મુસ્લીમ ઉમેદવારોની પસંદગી માટે નવો પથ પ્રશસ્ત કરી શકે છે. ગુજરાતના કારણમાં છેલ્લા કેટલાક સમયથી એક મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીએ પોતાની પારંપારીક રણનીતીમાં ફેરફાર કરીને લઘુમતિ સમુદાયને પોતાની સાથે જોડવાનો પ્રયાસ તેજ કર્યો છે.

# ભાજપ ગુજરાતમાં ભલે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં જીતનો જસ્ન લેતી હોય પરંતુ પાટણ નગરપાલિકાની ચુંટણીઓમાં સરકારી કર્મચારીઓએ ભાજપ કરતા કોંગ્રેસ તરફી વધુ મતદાન કર્યુ

### પાટણ નગરપાલિકાની સામાન્ય ચુંટણીમાં સરકારી કર્મચારીઓના પોસ્ટલ બેલેટ માં કોંગ્રેસે ભાજપ પર ૭૭ મતોની સરસાઈ મેળવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભાજપ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો જસ્ન મનાવી રહી છે. પરંતુ ઉત્તર ગુજરાતની પાટણ નગરપાલિકામાં ભાજપ તરફી મતદાન થવાને બદલે નગરપાલિકાના સરકારી કર્મચારીઓએ કોંગ્રેસ તરફી મતદાન કર્યુ છે.

પાટણ નગરપાલિકાની સામાન્ય ચુંટણીમાં સરકારી કર્મચારીઓના પોસ્ટલ બેલેટમાં કોગ્રેસે ભાજપ પર ૭૭ મતોની સરસાઈ મેળવી છે, કુલ ૧૪૨૧ મતો માં થી કોંગ્રેસને ૭૧૮ અને ભાજપને ૬૪૧ મત મળ્યા છે, જે કર્મચારી વર્ગ ના બદલાતા મિજાજને દર્શાવે છે, આ ચુંટણી માટે ૨૬ એપ્રિલે મતદાન અને ૨૮ એપ્રિલે મતગણતરી યોજાઈ હતી. ચુંટણી ફરજ પર રહેલા કર્મચારીઓ અને શિક્ષકોના પોસ્ટલ બેલેટના આંકડાઓ જાહેર થતા શિક્ષિત વર્ગ માં કોંગ્રેસ પ્રત્યે વધુ આકર્ષણ જોવા મળ્યુ છે. અન્ય પક્ષોમાં આમ આદમી પાર્ટીને માત્ર ૧૪ મત મળ્યા છે, જયારે અપક્ષ ઉમેદવારોને ૩૫ મત જ મળ્યા છે, ઉપરાંત ૧૩ મત રદબાતલ થયા છે. જે દર્શાવે છે કે મુખ્ય ટકકર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહી છે. વોર્ડવાર જોતા વોર્ડ નં.૫ માં કોંગ્રેસે ૧૫૬ મત મેળવી આગવી લીડ મેળવી છે, જયારે ભાજપે વોર્ડ નં. ૪ અને ૧૧ માં મજબુત પકકડ જાળવી રાખી છે, આ પરીણામો દર્શાવે છે કે આગામી રાજકીય સમીકરણોમાં કર્મચારી વર્ગ મહત્વપૂર્ણ બની શકે છે.



# રેલકર્મીએ ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું, ટ્રેક પર મળેલી રોકડ રકમ સહિતની બેગ પરત કરી

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના ગોધરા–વડોદરા રેલખંડ પર એન્જિનિયરિંગ વિભાગમાં કાર્યરત કી-મેન શ્રી સલીમ ખાને પોતાની ઈમાનદારી, ફરજનિષ્ઠા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ આપતાં એક મુસાફરની ખોવાયેલી બેગ સુરક્ષિત રીતે પરત આપી પ્રશંસનીય કાર્ય કર્યું.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરાયેલા એક પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ હેઠળ વડોદરા–ગોધરા વિભાગમાં તા. ૩૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ ટ્રેન નંબર ૧૯૧૬૫ દ્વારા વારાણસી જતાં મુસાફર શ્રી દીપક યાદવની બેગ



ડેરોલ–ખરસાલિયા સ્ટેશન વચ્ચે ક્યાંક પડી ગઈ હતી.સુપરવાઈઝરે તેને શોધવાનું કાર્ય સોંપ્યું હતું અને પોતાની ટ્રેક નિરીક્ષણ ફરજ દરમિયાન આ બેગ ખરસાલિયાના કી-મેન શ્રી સલીમ ખાનને મળી. બેગની તપાસ કરતા તેમાં અંદાજે રૂ.૧,૩૦,૦૦૦ રોકડ રકમ, મોબાઈલ ફોન, કપડાં તથા અન્ય જરૂરી સામાન મળ્યો હતો. શ્રી સલીમ ખાને સંપૂર્ણ ઈમાનદારી અને જવાબદારી દર્શાવતા રોકડ રકમ સહિત બેગ અને અન્ય કિંમતી વસ્તુઓ સંબંધિત મુસાફરને સુપરવાઈઝરની હાજરીમાં સુરક્ષિત રીતે પરત સોંપી હતી. શ્રી સલીમ ખાને દર્શાવેલી આ સત્યનિષ્ઠા અને ફરજપરાયણતા માત્ર રેલવે કર્મચારીઓની સકારાત્મક કાર્યસંસ્કૃતિને જ પ્રતિબિંબિત કરતી નથી, પરંતુ ભારતીય રેલવે પ્રત્યે લોકોનો વિશ્વાસ વધુ મજબૂત બનાવે છે.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજના માટે ફક્ત ૨૨ દિવસોમાં અમદાવાદમાં ભારતીય રેલવે ટ્રેક પર તમામ પાંચ ભારે પોર્ટલ બીમ લૉન્ચ કરવામાં આવ્યા

એન્જિનિયરીંગના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજના માટે મણીનગરમાં અમદાવાદ-વડોદરા રેલવે લાઈનની ઉપર, તમામ પાંચ (૦૫) પ્રીકાસ્ટ-પ્રીસ્ટ્રેસ્ટ ભારે પોર્ટલ બીમ (ગર્ડર) ને ફક્ત ૨૨ દિવસોની અંદર સફળતાપૂર્વક સ્થાપિત કરી દેવામાં આવ્યા છે. લૉન્ચિંગ પ્રક્રિયા ૮, ૧૩, ૧૯, ૨૪ અને ૨૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ પૂર્વ-આયોજિત અને તબક્કાવાર ક્રમમાં સફળતાપૂર્વક પૂરી કરવામાં આવી. આ કામ ભારતીય રેલવેના સક્રિય પાટાઓ પર અત્યંત ઉચ્ચ સ્તરના સંકલન, ઝડપી ગતિ તથા સચોટ અને સુરક્ષિત અમલીકરણ સાથે પૂર્ણ કરવામાં આવ્યું. સૌથી ભારે બીમ, જેનું વજન લગભગ ૧૩૬૦ એમટી હતું, ૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ લૉન્ચ કરવામાં આવ્યો, જે પરિચાલન રેલવે લાઈનો પર કરવામાં આવેલા સૌથી ભારે લિફ્ટોમાંથી એકને ચિહ્નિત કરે છે. પાંચેય બીમોમાંથી દરેકનું વજન ૧૧૭૦ એમટી થી ૧૩૬૦ એમટી વચ્ચેનું હતું, જેનાથી આ રેલવે



ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કરવામાં આવેલા સૌથી મુશ્કેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ સંચાલનમાંથી એક બની ગયું. મણીનગરમાં, બુલેટ ટ્રેનનું એલાઈનમેન્ટ વર્તમાનના રેલવે ટ્રેક્સથી ઊંચાઈવાળા સ્તરે આશ્ચર્યજનક અને મર્યાદિત ભૂમિતિ સાથે ક્રોસ કરે છે, જેના માટે સાવધાનપૂર્વક ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાની જરૂરિયાત હોય છે. બે પિયર્સ વચ્ચેનું અંતર પણ અપેક્ષાએ મોટું છે (લગભગ ૩૦ મી. થી ૩૪ મી.), જે સુરક્ષિતરૂપે વજનને સ્થાળાંતરિત કરવા માટે પોર્ટલ બીમ જેવી મજબૂત અન કઠોર સહાયક સિસ્ટમની જરૂરિયાતને વધારે છે. આ સ્થાન પર પોર્ટલ બીમને ભારે માળખારૂપે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેથી તે ભારતીય રેલવેના કેટલાય સક્રિય પાટાઓ-જેમાં અમદાવાદ-વડોદરાની 'અપ', 'ડાઉન' અને ત્રીજી લાઈન સામેલ છે-ની ઉપરથી પસાર થઈ શકે. એમનો વિશાળ આકાર અને વજન તેમને ઉત્તમ સ્થિરતા અને લઘુત્તમ નીચેનો ઝુકાવ પૂરો પાડે છે, જે આટલા વ્યસ્ત રેલવે ટ્રેક પર સચોટ એલાઈન્મેન્ટ જાળવી રાખવા અને સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા માટે અત્યંત જરૂરી છે. લૉન્ચિંગ કામ ૨૨૦૦ મેટ્રિક ટન કૉલર ક્રેનનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું, જે મુખ્ય ઉપકરણ તરીકે વપરાશમાં આવ્યો, તેને ભારતીય રેલવે ટ્રેક પર પ્રથમ વાર વપરાશમાં લેવામાં આવ્યો છે. દરેક પોર્ટલ બીમને લગભગ ૩.૫ કલાકમાં લૉન્ચ કરવામાં આવ્યા, જે પહેલાના ૯-કલાકના બ્લૉકોની સરખામણીમાં ઘણું ઝડપી છે અને ભારતીય રેલવેની સાથે નજીકના સંકલનમાં કરવામાં આવ્યું છે. મર્યાદિત સ્થાન, ઓએચઈ (ઓવર-હેડ ઈલેક્ટ્રિફિકેશન) અને સક્રિય રેલવે ટ્રેક્સ જેવા પડકારો હોવા છતાં, સંચાલન ઉચ્ચ કુશળતા, કડક સુરક્ષા તપાસ અને સતત દેખરેખ સાથે પૂર્ણ કરવામાં આવ્યું.

વધારાની માહિતી :

પોર્ટલ બીમ એક પ્રીકાસ્ટ કૉંક્રિટ માળખું છે, જેની લંબાઈ ૩૪ મીટર છે અને એનું ક્રૉસ-સેક્શન ૫.૫ મીટર ગુણ્યા ૪.૫ મીટર છે. આ બીમોને સાઈટ પર જ પ્રીકાસ્ટ કરવામાં આવી રહ્યા છે અને એમને ભારે એકિકૃત એકમોના રૂપમાં સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાતે જાપાનમાં ભારતના રાજદૂત સુશ્રી નગ્મા મોહમ્મદ મલિક

જાપાનમાં ભારતના રાજદૂત સુશ્રી નગ્મા મોહમ્મદ મલિકે આજે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ સુશ્રી નગ્મા મલિકને તેમની નવી જવાબદારી માટે અભિનંદન પાઠવ્યા હતા અને ભારત-જાપાનના સંબંધોમાં ગુજરાતની મહત્વની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી. સુશ્રી નગ્મા મોહમ્મદ મલિક ૧૯૯૧ બેચના ભારતીય વિદેશ સેવા **(IFS)** ના અધિકારી છે. તેમણે નવેમ્બર ૨૦૨૫ માં જાપાનમાં ભારતના રાજદૂત તરીકે કાર્યભાર સંભાળ્યો છે. તે પહેલાં તેઓ પોલેન્ડ, બ્રુનેઈ દારુસલામ અને ટ્યુનિશિયામાં ભારતના રાજદૂત અને ઉચ્ચાયુક્ત તરીકે સેવા આપી ચૂક્યા છે.

સુશ્રી નગ્મા મલિક ભારત સરકારના વિદેશ મંત્રાલયમાં



'ડેપ્યુટી ચીફ પ્રોટોકોલ (ફોર્મલ)' નું પ્રતિષ્ઠિત પદ સંભાળનાર અત્યાર સુધીના એકમાત્ર મહિલા અધિકારી છે. મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત અને જાપાન વચ્ચે વર્ષોથી ગાઢ આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ જેવી પહેલોમાં જાપાન હંમેશા એક મજબૂત ભાગીદાર રહ્યું છે. સુશ્રી નગ્મા મલિકે રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં ચાલી રહેલા 'પ્રાકૃતિક ખેતી' અને 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' જેવા અભિયાનોમાં ઊંડો રસ દાખવ્યો હતો. અંગ્રેજી સાહિત્ય અને સમાજશાસ્ત્રમાં ઉચ્ચ અભ્યાસ કરનાર સુશ્રી નગ્મા મલિક પાંચ ભાષાઓ અંગ્રેજી, ફ્રેન્ચ, હિન્દી, ઉર્દૂ અને મલયાલમ પર પ્રભુત્વ ધરાવે છે. કૂટનીતિની સાથે તેઓ ભારતીય શાસ્ત્રીય નૃત્ય, સંગીત અને સાહિત્યમાં પણ વિશેષ રુચિ ધરાવે છે.

# વડનગર સિવિલમાં આપઘાત કરનાર યુવક જ નીકળ્યો હત્યારો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

વડનગર સિવિલ હોસ્પિટલમાં ગત દિવસે બનેલી આપઘાતની ઘટનાએ હવે લોહિયાળ વળાંક લીધો છે. ગિરીશ પરમાર નામના પરણિત યુવાને સિવિલ હોસ્પિટલના ધાબા પરથી મોતની છલાંગ લગાવી જીવન ટૂંકાવ્યું હતું.

જોકે, પોલીસને મળેલી સ્યુસાઈડ નોટની તપાસ દરમિયાન જે વિગતો ખુલી છે તેણે પોલીસ તંત્રને પણ હચમચાવી દીધું છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ગિરીશ પરમારે આપઘાત કરતા પહેલા પોતાના હાથે જ પોતાના સંસારનો અંત આણી દીધો હતો. ગિરીશે પોતાની પત્ની પ્રિયંકા અને નાની પુત્રી પરીની હત્યા કરી હતી. હત્યા કર્યા બાદ પકડાઈ જવાના ડરથી અથવા પસ્તાવાને કારણે તેણે પોતે પણ સિવિલ હોસ્પિટલ જઈને આત્મહત્યા કરી લીધી હતી.

સૌથી ચોંકાવનારી વિગત એ છે કે ગિરીશે પત્ની અને પુત્રીની હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે બંનેની લાશને પોતાના ઘરની અંદર જ દાટી દીધી હતી. આ સમગ્ર પાપનો ચિઠ્ઠો તેણે પોતાની સ્યુસાઈડ નોટમાં લખ્યો હતો. સ્યુસાઈડ નોટમાં તેણે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે તેણે જ બંનેની હત્યા કરી છે અને લાશો ઘરમાં દાટેલી છે.

# ડીસાના રામપુરા(દામા)માં એક તલાટી લાંચ લેતા ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠામાં **ACB** દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ડીસાના રામપુરા(દામા)માં એક તલાટી લાંચ લેતા ઝડપાયા છે. તલાટી કિર્તી પ્રજાપતિએ ૧૫ હજારની લાંચ માંગી હતી. ગુજરાતમાં લાંચિયા બાબુઓ અને કર્મચારીઓને પકડી પાડવા માટે લાંચ રૂશ્વત બ્યુરો સક્રિય છે. છાશવારે લાંચ લેનારા **ACB**ના હાથે ઝડપાતા હોય છે. ત્યારે બનાસકાંઠામાં **ACB** દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ડીસાના રામપુરા(દામા)માં એક તલાટી લાંચ લેતા ઝડપાયા છે. તલાટી કિર્તી પ્રજાપતિએ ૧૫ હજારની લાંચ માંગી હતી. બનાસકાંઠામાં ડીસા તાલુકાના રામપુરા (દામા) ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કિર્તી પ્રજાપતિએ ફરિયાદી પાસે વિકાસ કામોના બિલ પાસ કરવા માટે ૧૫ હજાર રૂપિયાની લાંચ માગી હતી. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા નહીં હોવાથી તેમણે **ACB**નો સંપર્ક કર્યો હતો.

### વિપક્ષને તોડો, સત્તા સાથે જોડો

# પાટલી બદલુ નો ધંધો કે લોકશાહી પર હુમલો?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણા દેશનું રાજકારણ હવે એકદમ નિમ્ન કક્ષાનું કહેવાય એટલી હદે ખરડાઈ રહ્યું છે જ્યાં નીતિમત્તા કે નૈતિકતા તો ગઈ ભાડમાં પણ ચૂંટણી સમયે લોલીપોપ જેવા અપાયેલા વચનો પણ જે સરકાર નથી પાળતી એવા દેશની પ્રજા જાણે કે સાવ સ્તબ્ધ અને નિસ્તેજ બનીને જીવતી હોય એવું લાગી રહ્યું છે.

આપણે વાત કરીએ આજના તદ્દન હલ્કી કક્ષાના રાજકારણની એવા રાજકારણમાં આયારામ-ગયારામ એ કોઈ નવી વાત નથી. પરંતુ આવન-જાવન ની આ નીતિથી એકસાથે કોઈ મોટા ચહેરાઓ સામે આવે તો સવાલ ફક્ત એમની નિષ્ઠા નો જ નહીં પરંતુ તંદુરસ્ત લોકશાહીના આરોગ્ય માટે પણ ઊભો થાય છે.

રાજયસભામાં "આમ આદમી" પાર્ટીના ૭ સાંસદોનું બીજેપીમાં વિલીનીકરણએ કાયદાના ધજિયા ઉડાડવાની સાથે સાથે પોતાની(જ્યાં થી આવેલાએ પાર્ટીની) વિચારધારાની પણ ઐસી કી તૈસી જેવી કરવાની વાત છે. આમ એક બાજુ BJP પોતાની ખાસ રણનીતિ (જેની કોઈ નીતિ જ નથી) ના જોરે સંસદમાં એની તાકાત વધારી રહી છે ત્યારે બીજી બાજુ વિપક્ષોની તૂટતી એકતા પણ BJPનો રસ્તો આસાન બનાવી રહી છે.

એવામાં અહી સવાલ એ ઊભો થાય છે કે શું ભારતીય રાજકારણમાં હવે વિચારો અને સિંધ્ધાંતોથી વધુ સત્તાના ગણિત પર નજર રખાય છે? શું આ એક પાટલી બદલુ આયારામ-ગયારામ એક ધંધો બની ગયો છે? કે પછી લોકશાહી પર સીધો હુમલો છે? પહેલા ધનુષ્યબાણ, પછી ઘડિયાળ અને હવે ઝાડુ પણ વેચાઈ ગયું છે? તો શું હવે આ વિચારધારાની દુકાનમાં બધો જ માલ ચાલશે? ભાજપ ફોર્મ્યુલા મુજબ વિપક્ષને તોડો, સત્તા સાથે કોઈપણ હિસાબે જોડો.

# રાજકોટને રોગચાળાએ ભરડામાં લીધું: એક અઠવાડીયામાં તાવ અને ઝાડા ઉલ્ટીના હજારો કેસ નોંધાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

સ્માર્ટ સીટી રાજકોટમાં છેલ્લા એક અઠવાડીયાથી બિમારીના કેસોમાં નોધપાત્ર ઉછાળો જોવા મળી રહ્યો છે. ગરમીનો પારો વધવાની સાથે જ અને પ્રદુષિત પાણીની ફરીયાદો વચ્ચે રાજકોટ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. હાલમાં આ રોગચાળાએ સમગ્ર રાજકોટ શહેરને ભરડામાં લીધુ છે. રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અત્યંત ચોકાવનારા છે. છેલ્લા ૭ દિવસમાં રાજકોટ શહેરની વિવિધ હોસ્પીટલો અને કલીનીકમાં નોંધાયેલા કેસો તરફ નજર કરીએ તો (૧) શરદી-ઉધરસ ૭૪૯ કેસ (૨) સામાન્ય તાવ ૭૧૧ કેસ (૩) ઝાડા ઉલ્ટી ૪૨૩ કેસ (૪) હીટ સ્ટ્રોક ૭૦ કેસ (૫) ટાઈફોઈડ ૧૯ કેસ અને (૬) કમળો ૦૨ કેસ રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ છે. આરોગ્ય ટીમ દ્વારા શહેરના ૧૦૫૮ મકાનોમાં કલોરીન ટેસ્ટ કરવામાં આવ્યો છે. જેથી પીવાના પાણીની શુધ્ધતા ચકાસી શકાય, ગરમીના કારણે હીટ સ્ટ્રોકના કેસો પણ વધી રહ્યા હોવાથી લોકોને બપોરના સમયે સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાના આડેધડ નિર્ણયથી નેશનલ હેલ્થ મિશન કર્મીઓ ૨ મહિનાથી પગારથી વંચિત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ હેમખેમ પત્યા બાદ હવે સરકાર દ્વારા કર્મચારીઓને હેરાન પરેશાન કરવામાં કોઈ કચાશ ન રાખવામાં આવતી હોવાનો નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે.

ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર એવા આરોગ્યમંત્રી મળ્યા છે કે જેવો આડેધડ નિર્ણય લઈ રહ્યા છે, મંત્રી પ્રફુલ પાનસેરીયા પ્રજાના હિતમાં નિર્ણય લેવાને બદલે પોતાના હિતમાં નિર્ણય લેતા હોવાનો આરોગ્ય વિભાગે આક્ષેપ કર્યો છે. આરોગ્યમંત્રી ભ્રષ્ટ અધિકારીઓને પ્રોત્સાહન આપતા હોવાની પણ ફરીયાદો ઉઠવા પામી છે. થોડા દિવસ અગાઉ જ બજેટ અને વહિવટશાખાના કર્મચારીઓના હાજરીપત્રક અને બાયોમેટ્રીક હાજરીમાં ચાલતી ગેરરીતીઓની ફરીયાદો ઉઠયા બાદ મંત્રીના કાર્યાલયે માહિતી ન મળતી હોવાની ફરીયાદો કરવામાં આવી તેમ છતાં મંત્રીની ઉદાસીનતાના કારણે ભ્રષ્ટાચારે માજા મુકી છે. આરોગ્યમંત્રીના આડેધડ નિર્ણયને લઈ અગાઉ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ટાણે નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓ પગારથી વંચિત રહેતા કર્મચારીઓના યુનિયન દ્વારા મુખ્યમંત્રી સમક્ષ ફરીયાદો કર્યા બાદ કર્મચારીઓના પગાર ચુકવવામાં આવ્યા હતા.

હવે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ હેમખેમ પત્યા બાદ ફરીવાર આજ પરિસ્થિતિનુ નિર્માણ થયુ છે. નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યુ હતુ કે અગાઉ કેટલાય આરોગ્યમંત્રીઓ આવીને ગયા તેઓના સમયગાળામાં કયારેય પગારમાં તકલીફ પડતી ન હતી. તેઓના સમયગાળામાં રાબેતા મુજબ ૧ થી ૫ તારીખ સુધીમાં સમયસર પગાર થઈ જતા હતા. ત્યારબાદ હવે આ આરોગ્યમંત્રીના આવ્યા બાદ હજુ સુધી છેલ્લા ૨ મહિનાનો પગાર મળ્યો નથી. હાલની મોંઘવારીમાં ઘર કેવી રીતે ચલાવવુ, તે પણ મુશ્કેલ બન્યુ છે, ઘર ચલાવવુ, ઘરના ભાડા ભરવા, બાળકોની ફી ભરવી, સહિત આ પગારમાંથી પુરૂ કરવામાં આવે છે. ત્યારે છેલ્લા ૨ મહિનાથી પગાર ન થતા નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.

# આજથી ગુજરાતમાં ત્રિ-દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ : શિબિરમાં મહેસુલી સુધારા માટે મનોમંથન

## મહેસુલ વિભાગમાં જમીન-વહિવટ સુધારા સાથેનો રોડ મેપ તૈયાર કરાશેઃ મહેસુલ મંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મહેસુલ રાજયમંત્રી સંજયસિંહ મહિડા, વરીષ્ઠ સચિવો, ઉચ્ચ અધિકારીઓ, વિષય તજજ્ઞોની વિશેષ ઉપસ્થિતિમાં આજે તારીખ ૫ મે થી ૭ મે દરમિયાન અડાલજ ત્રિમંદિર ખાતે મહેસુલ વિભાગની ત્રિદિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ થવા જઈ રહ્યો છે.

જેમાં વિઝન ૨૦૩૦ અંતર્ગત ગુજરાતમાં લેન્ડ ગવર્નન્સ નુ ભવિષ્ય જેવી મહત્વકાંક્ષી થીમ પર આધારીત આ ચિંતન શિબિરમાં રાજયના વહિવટી માળખાને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં મનોમંથન કરાશે, આ શિબિરમાં અગાઉ મહેસુલ વિભાગ દ્વારા યોજાયેલી એકશન સેમિનારમાં થયેલી ચર્ચાના વ્હાઈટ પેપર્સ અને તેના ઉપર થયેલી કાર્યવાહીની પણ ચર્ચા વિચારણા કરાશે અને શિબિરના અંતે મહેસુલ વિભાગ માટે એક સ્પષ્ટ અને અમલી બનાવી શકાય તેવો એક મજબુત રોડમેપ તૈયાર કરાશે, ત્યારબાદ રાજયના લેન્ડ ગવર્નન્સ માં ક્રાંતિકારી ફેરફારો લવાશે અને નાગરીક કેન્દ્રી વહિવટને વધુ મજબુત બનાવાશે.

મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો.જયંતિ રવીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝનને પરીપુર્ણ કરવામાં ગુજરાત સૌથી મહત્વપૂર્ણ અને અગ્રીમ ભુમિકા ભજવશે, ગુજરાતને વિકસિત રાજય બનાવવામાં મહેસુલ વિભાગનો તૈયાર થનારો રોડમેપ અગત્યનો પુરવાર થશે. આ શિબિરમાં મહેસુલ વિભાગની વર્તમાન નીતીઓની સમિક્ષા કરાશે, વહિવટી પ્રક્રિયા પારદર્શક બનાવવા માટે વહિવટી અડચણોને દુર કરવાની દિશામાં ચિંતન કરાશે, ડીઝીટલ ગવર્નન્સ દ્વારા નાગરીકોને અપાતી સેવાઓમાં વધુ પારદર્શિતા અને ઝડપ લાવવા પર ભાર મુકાશે, આમ જમીન વહિવટમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને જાહેર વિશ્વાસ વધારવા માટે ચિંતન શિબિર એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે.

આ મહત્વપૂર્ણ ચિંતન શિબિર દરમિયાન પેપરલેસ પ્રોપર્ટી રજીસ્ટ્રેશન, ઓનલાઈન કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ, જનસેવામાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટેના પ્રયાસો, આવક રેકર્ડના ડીઝીટાઈજેશન અને અપડેશન જેવા વિવિધ મહત્વના વિષયો ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા કરાશે. આ ઉપરાંત જમીન માપણી (સર્વે-રીસર્વે) અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ જેવી બાબતોમાં આધુનિક વ્યુહ રચનાઓ ઘડવામાં આવશે.

# ધોરણ ૧૨ ના નાપાસ વિદ્યાર્થીઓ માટે જુન મહિનામાં લેવાશે પુરક પરીક્ષાઃ નજીકના દિવસોમાં ટાઈમ ટેબલ જાહેર કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સોમવારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનુ પરીણામ જાહેર કરવામાં આવ્યુ હતું. પરીણામ બાદ જે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈ શકયા નથી અથવા જેઓ પોતાના માર્કસ થી સંતુષ્ટ નથી, તેમના માટે બોર્ડે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓનુ વર્ષ ન બગડે તે માટે જુન મહિનામાં પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવશે,

આ વરસે શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં બેસ્ટ ઓફ ટુ નો નિયમ અમલમાં મુકવામાં આવ્યો છે, જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થયા છે અથવા જેમને પોતાના ગુણ સુધારવા છે તેઓ આ પુરક પરીક્ષામાં બેસી શકશે, આ તક દ્વારા વિદ્યાર્થીઓ પોતાનુ શૈક્ષણિક વર્ષ બચાવી શકશે અને ઉચ્ચ શિક્ષણ માટે પ્રવેશ મેળવી શકશે, શિક્ષણ બોર્ડના સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ પુરક પરીક્ષાની તૈયારીઓ અત્યાર થી જ તેજ કરી દેવામાં આવી છે, આ પરીક્ષાઓ જુન મહિનામાં યોજાશે. જેનુ વિગતવાર ટાઈમટેબલ આગામી અઠવાડીયે બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ ઉપરાંત પુરક પરીક્ષા માટેના ફોર્મ ભરવાની તારીખ અને પ્રક્રિયા અંગેની માહિતી પણ ટુંક સમયમાં શાળાઓને જાણ કરવામાં આવશે. પુરક પરીક્ષા આપવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સતત પોતાની શાળાના સંપર્કમાં રહેવુ અથવા બોર્ડની સત્તાવાર વેબસાઈટ ચેક કરતા રહેવું, બોર્ડ દ્વારા ચાલુ વરસે પરીક્ષા પધ્ધતિમાં કરેલા ફેરફારને કારણે વધુમાં વધુ વિદ્યાર્થીઓને આ પુરક પરીક્ષાનો લાભ મળશે તેવુ મનાઈ રહ્યુ છે.

# ગુજરાતમાં ધોરણ ૧૨ સાયન્સમાં ૮૪.૩૩ અને સામાન્ય પ્રવાહનુ ૯૨.૭૧ ટકા પરીણામઃ વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યુ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સ, સામાન્ય પ્રવાહ અને ગુજકેટના વિદ્યાર્થીઓનુ પરીણામ આજે સોમવારે જાહેર થયુ હતું. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનુ ૮૪.૩૩ ટકા અને સામાન્ય પ્રવાહનુ ૯૨.૭૧ ટકા પરીણામ આવ્યુ છે. મોરબી જિલ્લો ગુજરાતમાં સૌથી મોખરે રહ્યો છે, જેનુ ૯૪.૮૫ ટકા સાથે મોખરે રહ્યો છે,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૬ ની ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની મુખ્ય પરીક્ષાનુ પરીણામ આજે સોમવારે જાહેર થયુ હતું. આ વરસે રાજયનુ કુલ પરીણામ ૮૪.૩૩ ટકા નોંધાયુ હતું. જે ગત વર્ષના ૮૩.૫૧ ટકા કરતા ૦.૮૨ ટકા વધુ પરીણામ આવ્યુ છે, વિજ્ઞાન પ્રવાહમાં આ વરસે એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ગત વરસે ૮૩૧ વિદ્યાર્થીઓ સામે ચાલુ વરસે ૧૫૭૬ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે, જયારે ૧૧,૭૫૬ વિદ્યાર્થીઓએ ગ્રેડ-૨ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. મોરબી જિલ્લો ૯૪.૮૫ ટકા પરીણામ સાથે સમગ્ર રાજયમાં પ્રથમક્રમે રહ્યો છે. જયારે સૌથી ઓછુ પરીણામ દાહોદ જિલ્લાનુ ૫૭.૪૪ ટકા નોંધાયુ છે. રાજયમાં સૌથી વધુ પરીણામ ધરાવતુ કેન્દ્ર કુંભારીયા ૯૮.૬૨ ટકા રહ્યુ છે. જયારે સૌથી ઓછુ પરીણામ લીંબડી ૪૨.૯૮ ટકા કેન્દ્રનુ આવ્યુ છે. ૨૦૯ શાળાઓએ ૧૦૦ ટકા પરીણામ મેળવીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે, ગત વરસે આવી શાળાઓની સંખ્યા ૧૯૪ હતી, ૧૦ ટકા કરતા ઓછુ પરીણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં ઘટાડો થઈને ૨૨ થઈ છે,

ચાલુ વરસે પણ દિકરીઓએ મેદાન માર્યુ છે. વિદ્યાર્થીનીઓનુ પરીણામ ૮૪.૬૫ ટકા રહ્યુ છે, જે વિદ્યાર્થીઓના ૮૪.૦૪ ટકા કરતા વધારે છે, અંગ્રેજી માધ્યમના ઉમેદવારોનુ પરીણામ ૮૫.૧૩ ટકા અને ગુજરાતી માધ્યમનુ પરીણામ ૮૪.૩૨ ટકા નોંધાયુ છે. વિદ્યાર્થીઓની સરખામણીએ વિદ્યાર્થીનીઓનુ ૫.૩૧ ટકા વધારે પરીણામ આવ્યુ છે.

જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ ૧૦૦ ટકા પરીણામ ૪ કેન્દ્ર તડાવ, કોટડા, કાંગવાઈ, પ્રાશ્નાવાડા માં આવ્યુ છે. સૌથી ઓછુ પરીણામ ધરાવતુ કેન્દ્ર કારઠ ૬૪.૮૮ ટકા છે, સૌથી વધુ પરીણામ ધરાવતો જિલ્લો આહવા-ડાંગ ૯૭.૮૮ ટકા છે. જયારે સૌથી ઓછુ પરીણામ ધરાવતો જિલ્લો અમદાવાદ શહેર ૮૭.૧૦ ટકા છે, ૨૦૩૦ સ્કુલોએ ૧૦૦ ટકા પરીણામ મેળવ્યુ છે. વિદ્યાર્થીઓનુ ૯૦.૧૦ ટકા પરીણામ અને વિદ્યાર્થીનીઓનુ ૯૫.૪૧ ટકા પરીણામ આવ્યુ છે. વિદ્યાર્થીઓની સરખામણીએ વિદ્યાર્થીનીઓનુ ૫.૩૧ ટકા વધારે પરીણામ આવ્યુ છે. બંને પ્રવાહમાં મળી ૬.૨૦ લાખ અને ગુજકેટ ના ૧.૩૨ લાખ વિદ્યાર્થીઓ માટેની વેબસાઈટ અને વોટસએપ થી પરીણામ જોઈ શકાશે.

ચાલુ વરસે ફેબ્રુઆરી અને માર્ચમાં યોજાયેલી ધોરણ ૧૦ ની પરીક્ષા માટે ૯,૦૭,૧૭૫, ધોરણ ૧૨ સાયન્સના ૧,૧૯,૨૬૩ અને સામાન્ય પ્રવાહના ૫,૦૧,૨૮૬ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૫,૨૭,૭૨૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે પરીણામ જાહેર થયા બાદ એન્જીનીયરીંગ, ફાર્મસી અને અન્ય ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો માટે મેરીટલીસ્ટની પ્રક્રિયા શરૂ થશે, શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓને માત્ર અધિકૃત વેબસાઈટ પર જ ભરોસો રાખવા અને છેતરપીંડી કરતી બિનસત્તાવાર લીંક થી સાવધ રહેવા સલાહ આપી છે. પ્રવેશ પ્રક્રિયા માટે જરૂરી ડોકયુમેન્ટ અત્યારથી જ તૈયાર રાખવા સુચન કરવામાં આવ્યુ છે.

# રાજયના રેશનીંગના ૧૭ હજાર દુકાનદારો છેલ્લા બે મહિનાથી કમિશનથી વંચિત



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ૧૭ હજાર અને રાજકોટ જિલ્લાના ૭૦૦ જેટલા રેશનીંગ દુકાનદારો ફરી એકવાર કમિશન પ્રશ્ને ફસાયા છે અને મે મહિનો ચાલુ થઈ જવા છતાંય ગત માર્ચ અને એપ્રિલ મહિનાનુ કમિશન ન મળતા વેપારી આલમમાં રોષ વ્યાપી ઉઠયો છે.

આજે સોમવારે વેપારી સંગઠનના મહામંત્રી હિતુભા જાડેજાની આગેવાની હેઠળ વેપારીઓએ રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી કે રાજકોટ શહેર વ્યાજબી ભાવના દુકાનદાર એસોસીએશનના હોદ્દેદારો અને સભ્યો છીએ. સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત જનતાને અનાજ વિતરણ કરવાની જવાબદારી અમે નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છીએ. કેન્દ્ર સરકારના હસ્તક આવતુ માર્ચ ૨૦૨૬ નુ અમારૂ જે કમિશન બાકી છે તે હજુ સુધી મળેલ નથી, કમિશનની રકમ સમયસર ન મળવાને કારણે દુકાનદારોને આર્થિક ભીંસ અને વહિવટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આથી બાકી રહેલ કમિશનની રકમ વહેલી તકે ચુકવવા વિનંતી છે. તેમજ એપ્રિલ મહિનાનુ કમિશન પણ સમયસર મળી રહે તેવી યોગ્ય વ્યવસ્થા કરવા નમ્ર અપીલ છે. જેથી દુકાનદારોને સતત કામગીરી કરવામાં પ્રોત્સાહન મળી રહે. જયારે આ ઉપરાંત એસોસીએશનના જે અન્ય વિવિધ પડતર પ્રશ્નો છે, તે બાબતે પણ સકારાત્મક વિચારણા કરીને નિવારણ લાવવામાં આવે તેવી અપેક્ષા છે. અમે આશા રાખીએ છીએ કે ઉપરોકત રજુઆતો પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપીને તાત્કાલીક અસરથી યોગ્ય કાર્યવાહી કરાશે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત મે-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા (ફોર્ટિફાઇડ) | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા (ફોર્ટિફાઇડ) | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |

મે-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.